
# સંસ્કૃત



# ધોરણ-૬

प्रथम सत्र

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

## જૂન માસનું પાઠ આયોજન
## वन्दना

**અધ્યયન નિષ્પતિ :**

- સરળ પદો, સુભાષિત, પ્રહેલિકા અને ગીતો, ટૂંકા વાક્યો શુદ્ધ ઉચ્ચારણ સાથે બોલે છે, સાંભળે છે અને સમજે છે.
- અનુષ્ટુપ અને તેના જેવા સરળ છંદો વાળાં સુભાષિતોનું શુદ્ધ પઠન અને લયબદ્ધ ગાન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

સુભાષિતોનું પઠન

- વિદ્યાર્થીઓનું મૂક પઠન કરશે.
- સુભાષિતોનું આદર્શ ગાન
- વિદ્યાર્થીઓ દ્વારા સામુહિક તથા વ્યકિતગત ગાન

**શૈક્ષણિક સાધન :**

**પાઠ્ય પુસ્તક**
**ચિત્રો**

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

**વિદ્યાર્થીઓ સમક્ષ સુભાષિતોનું પઠન કરીશ. વિદ્યાર્થીઓ મૂક પઠન કરશે. સુભાષિતોનું ભાવવાહી ગાન કરીશ. વિદ્યાર્થીઓ દ્વારા સામુહિક તથા વ્યકિતગત ગાન કરાવીશ. વિદ્યાર્થીઓ લયબદ્ધ ગાન કરશે.**

**મૂલ્યાંકન :**

**સુભાષિતો કંઠસ્થ કરવા જણાવીશ.**

## જુલાઈ માસનું પાઠ આયોજન
## 2. चित्र पदानि 1 से 4

**અધ્યયન નિષ્પતિ :**

- સાદા શબ્દો, વાકયો સમજ પૂર્વક સાંભળે છે.
- સાદા શબ્દો, વાકયો બોલી શકે છે.
- સરળ શબ્દો, જોડાક્ષરોનું અનુલેખન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પરિચિત પ્રાણીઓ, પક્ષીઓ, વાહનો, ગૃહ ઉપોગી વસ્તુઓ શૈક્ષણિક સામગ્રી વગેરેના સંસ્કૃત નામનો પરિચય
- શુદ્ધ ઉચ્ચારણ
- ઓળખ
- શબ્દનું લેખન

**શૈક્ષણિક સાધન :**

- ચિત્ર
- ફ્લેશબોર્ડ
- શબ્દકાર્ડ
- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ચિત્ર બતાવી સંસ્કૃત નામનું શુદ્ધ ઉચ્ચારણ કરીશ. બોર્ડ પર લખીશ. ફરીથી નામ બોલી વિદ્યાર્થીઓ પાસે અનુકીથન કરાવીશ. આ ક્રિયા ત્રણ - ચાર વખત કરાવીશ. આ રીતે ચિત્રો દ્વારા ઓળખ કરાવીશ. ચિત્રો અને શબ્દોના કાર્ડની જોડી બનાવવા જણાવીશ. શબ્દોનું લેખન કરવા જણાવીશ. વિદ્યાર્થીઓ લેખન કરશે.

**મૂલ્યાંકન :**

ચિત્ર જોઇ સંસ્કૃતમાં નામ જણાવો.
શબ્દોનું લેખન કરવા જણાવીશ.

## જુલાઇ માસનું પાઠ આયોજન
## 2. आकाश पतति

**અધ્યયન નિષ્પતિ :**

- સાદા શબ્દો, વાકયો સમજ પૂર્વક સાંભળે છે.

- સાદા શબ્દો, વાક્યો બોલી શકે છે.
- સરળ સાદા વાક્યોનું શુધ્ધ ઉચ્ચારણ સાથે પઠન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- વાર્તા કથન
- વાર્તાનું આદર્શ વાંચન
- પાઠનું વિદ્યાર્થીઓ દ્વારા વ્યકિતગત વાંચન
- વિદ્યાર્થીઓ દ્વારા અભિનય સાથે વાર્તાની રજૂઆત
- અન્ય ચિત્રકથાનું વાંચન

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વાર્તા ચિત્રો
- પ્રાણીઓના મહોરા

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ વાર્તાનું કથન કરીશ. વાર્તાનું આદર્શ વાંચન કરીશ. વિ.ઓના જૂથ બનાવી પાઠનું આદર્શ વાંચન કરાવીશ. વિ.ઓ દ્વારા અભિનય સાથે વાર્તાની રજૂઆત કરાવીશ. પ્રાણીઓના મહોરા પહેરી વિ.ઓ દ્વારા અભિનય સાથે વાર્તાની રજૂઆત કરાવીશ. અન્ય ચિત્રકથાઓ વંચાવીશ. સ્વાધ્યાયની પ્રવૃતિઓ કરાવીશ. વિ.ઓ સ્વાધ્યાયના ઉત્ત રો લખશે.

**મૂલ્યાંકન :**

સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

નાટ્યીકરણ માટે સંવાદો તૈયાર કરવા જણાવીશ.

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## 3. लेखनम

**અધ્યયન નિષ્પતિ :**

- સ્વર, વ્યંજન અને જોડાક્ષરોનું લેખન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- મૂળાક્ષરોનું ઉચ્ચારણ સાથે લેખન
- મૂળાક્ષરના લખાણમાં જોવા મળતી ભિન્નતા
- સ્વાધ્યાયના શબ્દો કાવ્યપંકિત, વાક્યોનું અનુલેખન

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- મૂળાક્ષરોના કાર્ડ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને માતૃભાષા સાથે સબંધિત મૂળાક્ષરોનું પ્રથમ લેખન કરાવીશ. મૂળાક્ષરોના લખાણમાં ભિન્નતા જોવા મળે છે અને લેખન પ્રત્યે ધ્યાન દોરીશ. વિદ્યાર્થીઓ મૂળાક્ષરોનું લેખન કરશે. સ્વાધ્યાયમાં આપેલા શબ્દો, કાવ્ય, વાક્યોનું અનુલેખન કરવા જણાવીશ. વિદ્યાર્થીઓ અનુલેખન કરશે.

**મૂલ્યાંકન :**

સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## 4. सडख्या

**અધ્યયન નિષ્પતિ :**

- ૧ થી ૧૨ સુધીની સંખ્યા સાંભળે છે. અને સમજે છે.
- ૧ થી ૧૨ સુધીની સંખ્યા સમજીને બોલે છે.
- ૧ થી ૧૨ સુધીના અંકો લખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ૧ થી ૧૨ સુધીની સંખ્યાનું શુધ્ધ ઉચ્ચારણ

- વિદ્યાર્થીઓ દ્વારા સંખ્યાનું વ્યકિતગત શુધ્ધ ઉચ્ચારણ
- અંકકાર્ડ તથા શબ્દકાર્ડની જોડી બનાવવી.
- સ્વાધ્યાય ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- શબ્દકાર્ડ
- અંકકાર્ડ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ ૧ થી ૧૨ સુધીની સંખ્યાનું શુધ્ધ ઉચ્ચારણ સાથે કથન કરીશ. વિદ્યાર્થીઓ શ્રવણ કરશે. ફરીથી સંખ્યાનું મોટેથી શુધ્ધ ઉચ્ચારણ કરીશ. વિદ્યાર્થીઓ પાસે સંખ્યાનું વ્યકિતગત શુધ્ધ ઉચ્ચારણ કરાવીશ. અંકકાર્ડ તથા શબ્દકાર્ડની જોડી બનાવવા જણાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશું. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે.

**મૂલ્યાંકન :**

૧ થી ૧૨ સુધીની સંખ્યાનું અંકોમાં તથા શબ્દોમાં લખવા જણાવીશ.

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## 5. हस्ती हस्ती हस्ती

**અધ્યયન નિષ્પતિ :**

- સરળ પદ્યો (સુભાષિતો, પ્રહેલિકા અને ગીતો) સમજે છે.
- સરળ પદ્યો (સુભાષિતો, પ્રહેલિકા અને ગીતો) શુધ્ધ ઉચ્ચારણ સાથે બોલે છે.
- લયબધ્ધ પઠન કરે છે અને ગાન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગીતનું આરોહ અવરોહ યુકત શુધ્ધ ઉચ્ચારણ સાથે ગાન.
- વિદ્યાર્થીઓનું સમુહગાન અભિનય સાથે ગાન
- घम्मक घम्मक आता हाथी
- શબ્દોનું શુધ્ધ ઉચ્ચારણ
- સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- પ્રાણીઓના ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

પા.પુ. માં આપેલ ગીતનું સસ્વર આરોહ અવરોહયુકત શુધ્ધ ઉચ્ચારણ સાથે ગાન કરીશ. વિદ્યાર્થીઓ સમુહગાન કરશે. અભિનય શીખવીશ. વિદ્યાર્થીઓ આ અભિનય સાથે ગાન કરશે. घम्मक घम्मक आता हाथी ગીતનું ગાન અભિનય સાથે કરાવીશ. શબ્દોનું શુધ્ધ ઉચ્ચારણ કરાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે.

**મૂલ્યાંકન :**

ગીત કંઠસ્થ કરવા જણાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## पुनरावर्तन – 1 ( 1 से 5 )

**અધ્યયન નિષ્પતિ :**

- સરળ સાદા વાકયોનું શુધ્ધ ઉચ્ચારણ સાથે પઠન કરે છે.
- ૧ થી ૧૨ સુધીના અંકો વાંચી સમજી લખે છે.
- સરળ શબ્દો જોડાક્ષરો અને વાકયોનું અનુલેખન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પુનરાવર્તન – ૨ ના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા.

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સાથે પુનરાવર્તન – ૧ ના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ૧ થી ૫ ના પ્રશ્નોના ઉત્તરો લખશે. મહાવરો કરાવીશ.

**મૂલ્યાંકન :**

પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## 6. सप्तवासरा

**અધ્યયન નિષ્પતિ :**

- સરળ સાદાં વાક્યો સમજપૂર્વક સાંભળે છે.
- સાદાં વાક્યો બોલી શકે છે.
- સાદાં વાક્યોનું મૂલ્યાંકન કરે છે.
- किम, कदा, क: નો ઉપયોગ વાળા પ્રશ્નોના જવાબ આપે છે.
- સાદા શબ્દોનું અનુલેખન કરે છે.
- સ્વર, વ્યંજન અને જોડાક્ષરોનું અનુલેખન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- સાત વારના નામનું શિક્ષક દ્વારા ઉચ્ચારણ
- વિદ્યાર્થીઓનું અનુકથન
- સાત વારના નામની ઓળખ કાર્ડ દ્વારા

अध, श्व: ह्य: ની અભિનય દ્વારા સમજ

- વિદ્યાર્થીઓનું અનુકથન પ્રશ્નોતરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ફ્લેશકાર્ડ
- વાક્યપટ્ટી

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃતિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ સાતવારના નામ બે-ત્રણ વાર બોલીશ. વિદ્યાર્થીઓ શ્રવણ કરશે. વિદ્યાર્થીઓ શુધ્ધ ઉચ્ચારણ સાથે અનુકથન કરશે. સાતવારના કાર્ડ બનાવી. વિદ્યાર્થીઓ પાસે કાર્ડ વંચાવીશ. વારના નામ બોલાવીશ. अध, श्व:, ह्य: અભિનય દ્વારા સમજાવી. अध, श्व:, ह्य: સાથે વિદ્યાર્થીઓ વારના નામ બોલશે. પ્રશ્નોત્તરી કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. સાતવારના નામ લખવા જણાવીશ સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે.

**મૂલ્યાંકન :**

સાતવારના નામ લખવા જણાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તર લખવા જણાવીશ.

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## 7. करोति

**અધ્યયન નિષ્પતિ :**

- વિવિધ ક્રિયાપદનોપરિચય મેળવે છે.
- સરળ શબ્દો જોડાક્ષરો અને વકીઓનું અનુલેખન કરે છે.
- સદી સરળ વાક્ય રચના સાંભળીને સમજે છે, બોલે છે, અને લખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- શિક્ષક દ્વારા પોતાના નામપદ નો પરિચય
- ક્રિયાપદનો પરિચય
- અભિનય દ્વારા ક્રિયાઓ કરવી
- નામ પદ નો પરિચય
- સ્વાધ્યાય ચર્ચા તથા
- પ્રશ્નોતરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ સંકૃત પોતાના નાંપાદનો પરિચય આપીશ. વિદ્યાર્થીઓ પાસે વ્યક્તિગત પરિચય મેળવીશ. વિદ્યાર્થીઓને વિવિધ ક્રિયાપદનો પરિચય અભિયાન થી આપીશ. ત્યારબાદ વિવિધ ક્રિયાઓનો પરિચય અભિયાન થી કરાવીશ. વિદ્યાર્થીઓ પાસે ક્રિયા કરાવીશ પાઠ ના નામ પદનો પરિચય આપીશ. પાઠ નું વિદ્યાર્થીઓ દ્વારા વાર ફરતી વાંચન કરાવીશ. સ્વાધ્યાય ના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**મૂલ્યાંકન :**

સ્વાધ્યાયન પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**ઓક્ટોબર માસનું પાઠ આયોજન**
**8. काकस्य चतुर्यम**

**અધ્યયન નિષ્પતિ :**

- સ્વાધ્યાયને લગતા ટૂંક પ્રશ્નો સમજે છે .
- સાદા શબ્દો, વાક્યો સમજપૂર્વક સાંભળે છે, બોલે છે.
- સરળ જોડાક્ષરોયુક્ત, વાક્યો, સૂક્તિયો અને સુભાષિતમાં આવેલ વિસર્ગ અને અનુસ્વાર વાળા પદોનું મૂક વાંચન કરે છે.
- સાદા શબ્દોનું અનુલેખન કરે છે.
- સાદા પદોનું શ્રુત લેખન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- વાર્તા કથન
- પાઠનું આદર્શ વાંચન
- વિદ્યાર્થીઓ દ્વારા વાંચન
- વાર્તાની અભિનય સહ રજૂઆત
- ક્રિયાપદનો પરિચય
- કાગડો એક વિશિષ્ટ પક્ષી છે તેની ઓળખ
- અપરિચિત શબ્દોની સ્વાધ્યાય ચર્ચા
- પ્રશ્નોતરી

**શૈક્ષણિક સાધન :**

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ વાર્તાનું કથન કરીશ. પાઠનું આદર્શ વાંચન કરીશ. વિદ્યાર્થીઓ દ્વારા વારાફરતી વાંચન કરાવીશ. વાર્તાને અભિનય સહ રજૂ કરાવીશ. વિદ્યાર્થીઓ પ્રાણીઓના મહોરા પહેરી વાર્તાની અભિનય સહ રજૂઆત કરશે. ક્રિયાપદનો પરિચય ક્રિયા કરવી કરાવીશ. કાગડો એક વિશિષ્ટ પક્ષી છે તે ઓળખ આપીશ. પાઠમાં આવતા અપરિચિત શબ્દોની સમજણ આપીશ. સ્વાધ્યાયન પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**મૂલ્યાંકન :**

સ્વાધ્યાયન પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**ઓક્ટોબર માસનું પાઠ આયોજન**
**9. સમય**

**અધ્યયન નિષ્પતિ :**

- એકથી બાર સુધીની સંખ્યાઓ સાંભળે છે અને સમજે છે.
- ૧ થી ૧૨ સુધીની સંખ્યાઓ સમજીને બોલે છે.
- સાદા શબ્દોનું અનુલેખન કરે છે.
- સાદા શબ્દો, વાક્યો બોલી શકે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ઘડિયાળ દ્વારા પૂર્ણ સમયની સમજ
- વિદ્યાર્થીઓ દ્વારા ઘડિયાળના સમયનું અવલોકન, કથન
- પૂર્ણ સમયની સંખ્યાનું લેખન (૧ થી ૧૨ સંખ્યા) વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર પ્રશ્નોતરી
- સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોતરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક
- ઘડિયાળનું મૉડેલ
- ઘડિયાળના ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ ઘડિયાળનું મૉડેલ બતાવી તેના દ્વારા પૂર્ણ સમય દર્શાવતા સમયનું કથન કરીશ. વિદ્યાર્થીઓને ઘડિયાળ બતાવી પૂર્ણ સમયનું અવલોકન કરી સમય કહેવા જણાવીશ. ૧ થી ૧૨ સુધીની સંખ્યાનું લેખન કરાવીશ. વિદ્યાર્થીઓની બે – બેની જોડી બનાવી ઘડિયાળ આપી સમય માટે પ્રશ્નોતરી કરાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ.

**મૂલ્યાંકન :**

૧ થી ૧૨ સુધીની સંખ્યાનું લેખન કરવા જણાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તર લખવા જણાવીશ.

## ઓક્ટોબર માસનું પાઠ આયોજન
## पुनरावर्तन – 2 ( 6 थी 9)

**અધ્યયન નિષ્પતિ :**

- સાદા શબ્દોનું અનુલેખન કરે છે.
- સાદા પદોનું શ્રુતલેખન કરે છે.
- સાદી સરળ વાકય રચના સાંભળીને સમજે છે. બોલે છે. વાંચે છે, લખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- पुनरावर्तन – 2 ના પ્રશ્નોની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓ સાથે પુનરાવર્તન – ૨ ના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**મૂલ્યાંકન :**

પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.